**MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (Online)**
**International Peer Reviewed & Referred Journal**
**ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023**

# સમાજ ઘડતર માટે શિક્ષણ સામેના પડકારો

**Dr. Mohanbhai A. Daki,** Assistant Prof. Shardagram B.ed.college-Mangrol

**સારાંશ :-**

આજે સમાજ દેશ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે જેમ કે ગરીબી,વાતાવરણ, અશિક્ષિત, બેરોજગારી, ભૂખમરો,માનસિક તણાવ વગેરે આમાંની કેટલીક સમસ્યાઓ ભૂતકાળથી ચાલુ છે તો કેટલીક વર્તમાન સમયમાં જન્મ લય ચૂકી છે માટે અહીં આવી સમસ્યાઓને શાંત કરવા માટે ઉત્તમ પ્રયાસ શિક્ષણ નો હોવો જોઈએ. શિક્ષણથી જ સમાજની નડતરોને અથવા તો સમસ્યાને નિવારી શકાય.

હવેના વૈશ્વિક સમાજમાં લોકોને શિક્ષણની ભૂખ છે, જેને સંતુષ્ટ કરવા શિક્ષકોએ નવીન આયામો અપનાવવા પડશે. ૧૮૦ અંશે એટલે કે આજ કરતાં તદ્દન વિરૂદ્ધ અભિગમ મહદ્ અંશે જરૂરી છે. એ અભિગમ છે શીખવાનો, નહીંકે શીખવાડવાનો. અર્થાત્ હવે દરેક વ્યક્તિએ સ્વતઃ શીખતા રહેવાનું છે, ‘કોઇ આપણને શીખવાડશે’ એવી રાહ જોયે કદાચ ઘણું મોડું થઇ થયું હશે કારણકે સૌ પોત-પોતાને સતત બદલાતા ઢાંચામાં ગોઠવી રહ્યા હશે. અત્યાર સુધી ‘કમાવવાનું સામર્થ્ય’ મહત્વનું ગણાતું; હવેના સમયમાં ‘શીખવાની ત્વરા’-Learning agility- એટલે ‘કેટલી ઝડપથી આપણે નવું નવું શીખી રહ્યા છીએ’ એના પર સફળતાનો આધાર રહેશે.

સાચે તો આજનો મુખ્ય પડકાર આ જ છે – સતત શીખતા રહેવાનો અભિગમ.

જે સમાજ સતત શીખતો રહશે તે જ વિકસિત રહેશે. તેથી જ આજની શિક્ષણ સંસ્થાઓએ સ્વતંત્ર રીતે વિચારશીલ, સ્વાયત્ત, નિરંતર શીખવા માટે તત્પર સમાજ તૈયાર કરવાનો છે.

આવા અનેક પડકારોને ઝીલવા માટે જરૂરી જીવન કૌશલ્યો તથા અભિગમ સમાજને પૂરાં પાડવાનું કામ શિક્ષણ સંસ્થાઓનું છે.

પુસ્તકોમાંથી માહિતી આપ્વાની જરૂર છે જ નહીં, વિદ્યાર્થીઓને એવી કેળવણીની જરૂર છે જે દ્વારા તેઓ સ્વતંત્ર રીતે શીખતા થાય. શીખતા રહેવાની કળા શીખવાડવાનું કામ છે આજની શિક્ષણ સંસ્થાઓનું ટી.વી. મોબાઇલ વગેરેને કારણે વ્યક્તિઓ વચ્ચેનું પ્રત્યાયન ઘટી ગયું હોવાથી સમાજમાં તનાવ ઊભો થઇ રહ્યો છે. તેથી કેળવણીના ભાગ રૂપે સંવેદનાની સમૃદ્ધિ માટે પ્રયત્ન જરૂરી છે.

આમ,મોકળાશના સમયનો સદ્ઉપયોગ તથા સંવેદના સમૃદ્ધ કરવાની કેળવણી તરફ ડગલા માંડશું ત્યારે જ સમાજ માં યોગ્ય ઘડતર થશે.

❖ **ચાવી રૂપ શબ્દો :-**

સમાજ ઘડતર, શિક્ષણ, પડકારો

❖ **પ્રસ્તાવના:-**

આધુનિક ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓ ખુબજ વધી રહી છે પરંતુ શિક્ષણના સારા ઉદેશોને અવગણીને વધી રહેલા પડકારોની સામે નિરાકરણ લાવીને શું ખરેખર સાચું શિક્ષણ આપી શકાશે કે કેમ તે જ મોટો પડકાર છે. આજના સમાજમાં શિક્ષણ ને સુધારવા માટે ઘણા પ્રયાસો થાય છે પરંતુ બાળકને સંસ્કાર,સદગુણો ,ચારિત્ર વગેરેથી પર રાખીને ફક્ત ગણિત વિજ્ઞાન કે અંગ્રેજી ભણાવી ડોક્ટર,ઇજનેર,વકીલ વગેરે બનાવવાની ઘેલછાને શિક્ષણનું નામ અપાઈ રહ્યું છે. જેથી આજે શિક્ષણ ક્ષેત્રે ઘણા પ્રશ્નો અને પડકારો સર્જાયાં છે.

**" જિંદગીની ગણિતની પરીક્ષામાં રીતના માર્કસ નથી મળતા,**

**જ્યાં રકમ જ ખોટી હોય ત્યાં સાચા જવાબ નથી મળતા "**

❖ **ગુજરાતી ભાષાનું કથળતું જતું સ્તર :-**

ગુજરાત બોર્ડ દ્વારા લેવાતી એસ.એસ.સી ની પરીક્ષામાં ગુજરાતી ભાષાનું પરિણામ સતત કથળતું રહ્યું છે. ભાષાની સમજના અભાવે વિદ્યાર્થી અન્ય વિષય સમજવામાં પણ મુશ્કેલી અનુભવે છે.પરિણામે ગુજરાતના વિદ્યાર્થીઓનો રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષામાં દેખાવ નબળો જ રહે છે.રાષ્ટ્રીય સ્તરે થતી NEET કે JEEE જેવી સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓને પેપર અઘરું લાગ્યું હોવાની ફરિયાદ ઉઠતી જ હોય છ.

❖ **વિદેશી યુનિવર્સિટીઓને આવકાર:-**

શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણના નામે વિદેશી યુનિવર્સિટીઓ(નવી શિક્ષણનીતિ 2020 મુજબ વિશ્વની શ્રેષ્ઠ 100 યુનિવર્સિટી)ને ભારતમાં પોતાનું કેમ્પસ શરૂ કરવા માટે સરકાર સહાયભૂત થશે.

યુ.પી.એ. સરકાર 'ફોરેન યુનિવર્સિટી બિલ' લાવી રહી હતી ત્યારે વર્તમાન સરકારે એનો જોરશોરથી વિરોધ કર્યો હતો. આ વિદેશી યુનિવર્સિટીઓ 'વિદ્યાદાન'ના ઉદ્દેશથી ભારતમાં આવશે નહીં એટલું તો નક્કી જ છે. તેમનો ઉદ્દેશ પણ મુખ્યત્વે વેપારનો રહેશે.

❖ **વ્યાવસાયિક શિક્ષણ:-**

શાળા શિક્ષણથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધી વ્યવસાયિક શિક્ષણ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. સમગ્ર શિક્ષણ એ મનુષ્યનિર્માણ અને ચારિત્ર્યઘડતરની પ્રક્રિયા છે. વ્યાવસાયિક શિક્ષણ એ પ્રકારના શિક્ષણના મૂળભૂત હાર્દને ખતમ કરી નાખશે. વિદ્યાર્થીઓ ન માત્ર મૂલ્યોની સમજણ કેળવે, પરંતુ તેના પ્રત્યે સાચી લાગણી ધરાવે, એ ખૂબ અનિવાર્ય છે. તેમણે સૌંદર્યબોધ અને સારા-નરસાનો વિવેક કેળવવો પડશે. નહીં તો પછી પોતાનાં હાંસલ કરેલાં જ્ઞાનના આધારે તે સર્વાંગી વિકાસ પામેલ મનુષ્યના બદલે કમાંડ વાળું રોબોટ બનીને રહી જશે. તાત્કાલિક જરૂરિયાતના નામે નિપુણતા ઉપર વધુ પડતો ભાર આપવાના કારણે નિપુણતા સહિત સાંસ્કૃતિક જીવનની તમામ બાબતો જે સ્પિરિટ પર – જે લાગણીઓ પર આધાર રાખે છે, તે જ ખતમ થઇ જશે."

### ❖ શાળાઓનું મર્જર :-

'સ્કૂલ કૉમ્પ્લેક્સ'ના રૂપાળા નામ હેઠળ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે ઓછી સંખ્યા ધરાવતી શાળાઓના વ્યવસ્થાપનમાં તકલીફ પડે છે. તેથી આવી શાળાઓનું જોડાણ ન્યાયિક રીતે કરવું. આ બાબતનું સીધુ અર્થઘટન એ થાય કે સંખ્યા વધારવાનો પ્રયત્ન કરવાના બદલે એક જ શાળામાં, આસપાસની શાળાનું મર્જર કરીને – તેમને ભેળવી દઈને અંતે શાળાઓ બંધ કરવામાં આવશે, જેવું હાલમાં પણ થઈ રહ્યું છે.

### ❖ અભ્યાસક્રમો અને સેમેસ્ટર પદ્ધતિ :-

સ્નાતક અભ્યાસક્રમ ચાર વર્ષનો કરવામાં આવશે. તેમાં પણ દર વર્ષે વિદ્યાર્થી ઈચ્છે ત્યાંથી દાખલ કે વિદાય થઈ શકશે. આ જ ચાર વર્ષના સ્નાતક અભ્યાસક્રમો જ્યારે દિલ્હી યુનિવર્સિટીમાં દાખલ કરવાની વાત આવી ત્યારે તેનો ખૂબ જ મોટા પાયે વિરોધ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ કર્યો હતો. અંતે તે નીતિ પછી ખેંચવી પડી હતી. નવી શિક્ષણ નીતિ એ જ પદ્ધતિ ફરીથી સમગ્ર દેશમાં લાગુ કરવા માંગે છે.

એવી જ રીતે સેમેસ્ટર સિસ્ટમનો પણ દેશભરમાં ખૂબ જ મોટા પાયે વિરોધ થયો છે. તેને ફરજિયાત બનાવ્યા વિના પણ અપનાવી શકાય, તેવી વાત આ નવી શિક્ષણ નીતિમાં કરવામાં આવી છે. ત્યાં સુધી કે શાળાકીય શિક્ષણમાં પણ સેમેસ્ટર સિસ્ટમની તરફેણ કરવામાં આવી છે. એક તરફ નવી શિક્ષણનીતિ વારંવાર સંપૂર્ણ અભિગમ ધરાવતા શિક્ષણની તરફેણ કરે છે, તો બીજી તરફ શાળાકીય શિક્ષણથી જ સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરવાની તરફેણ કરીને તે પોતાના જ ઉદ્દેશનો વિરોધ કરે છે. કારણ કે તદ્દન ઓછી માળખાકીય સુવિધાઓની વચ્ચે ટુકડે-ટુકડે અપાતું શિક્ષણ કદી વ્યાપક બની શકે નહીં.

### ❖ ક્રેડિટ સિસ્ટમ :-

ચાર વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ અને સેમેસ્ટર સિસ્ટમની જેમ જ ચોઇસ-બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમનો પણ એટલો જ મોટા પાયે વિરોધ થયેલો છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થી પોતાના મુખ્ય વિષયમાં જરૂરી જ્ઞાન મેળવવાના બદલે અન્ય, જેને બિનશૈક્ષણિક કહી શકાય તેવા વિષયો તરફ ગેરમાર્ગે દોરાય એવી સંભાવના ઘણી રહે છે. ભારતમાં હાલમાં જ્યાં પણ આ પદ્ધતિ અન્ય કોઈ નામથી પણ દાખલ કરવામાં આવી છે ત્યાં ન તો તેના વર્ગો લેવાય છે, કે ન તેના માટે કોઈ અલગ શિક્ષકોની જોગવાઈ છે.

### ❖ ઓનલાઇન શિક્ષણ :-

ઓનલાઇન શિક્ષણપદ્ધતિ ક્યારે ય પણ ક્લાસરૂમનો વિકલ્પ હોઈ શકે નહીં. તેમ છતાં નવી શિક્ષણનીતિમાં એક વિકલ્પ તરીકે અપનાવવાની તરફેણ કરવામાં આવી છે, જે જોખમી છે. કોરોના મહામારીના આ સમયમાં ઑનલાઇન શિક્ષણને એક વિકલ્પ તરીકે દર્શાવીને, વાલીઓ વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉઘરાવવામાં આવી રહી હતી, મોબાઇલ કે કમ્પ્યૂટરની સ્ક્રીન નીતિ અથવા નૈતિકતા આધારિત મનુષ્યનું નિર્માણ ન કરી શકે. વર્ગખંડ, શાળા કે કૉલેજ એ માત્ર એક શૈક્ષણિક સંસ્થાનું મકાન નથી. વિદ્યાર્થીઓના સામાજિકીકરણની પ્રક્રિયા અને તેમનું ઘડતર પણ ત્યાં જ થાય છે.

### ❖ ફીનું ધારા ધોરણ :-

વધતી જતી ફી એ વિધ્યાર્થીઓના અભ્યાસ છોડવા પાછળનું એક મુખ્ય કારણ છે. પરંતુ આવનારા દિવસોમાં નવી શિક્ષણનીતિના પરિણામે શૈક્ષણિક સંસ્થાઓ પોતાની ફી જાતે નક્કી કરી શકશે. જરૂરિયાત માત્ર એટલી રહેશે કે તેમણે પારદર્શિતા સાથે પોતાનો નિભાવખર્ચ જાહેર કરવો પડશે પરંતુ શું તે વાસ્તવિક હશે ?

### ❖ જૂની શિક્ષણનીતિઓની તુલના :-

નવી શિક્ષણનીતિમાં શિક્ષણ પાછળ જી.ડી.પી.ના 6 ટકા ખર્ચ કરવાનું સૂચન છે. વર્ષ 1964માં કોઠારી કમિશને પણ આ જ વાત કરી હતી. 1964 બાદ '21મી સદીના પડકારો'નો સામનો કરવા ઘડાયેલી આ શિક્ષણનીતિના ઉદ્દેશોને હાંસલ કરવા માટે શું 6 ટકા ખર્ચ પૂરતો છે? જી.ડી.પી. નહીં પરંતુ કેન્દ્રીય બજેટના 10 ટકા શિક્ષણ પાછળ ઓછામાં ઓછા ખર્ચાવા જોઇએ.

વર્ષ 1954માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ચેરમેન સી.ડી. દેશમુખે કહ્યું હતું કે, 'અમે શિક્ષિત બેરોજગારોની સંખ્યા ઘટાડવા માટે શિક્ષણને સંકુચિત કરવા માગીએ છીએ.' આઝાદી મળ્યા બાદ તરત જ 1954માં યુ.જી.સી.ના ચેરમેનનું આ કથન દર્શાવે છે કે દેશમાં શિક્ષણની દિશા કઈ તરફ રહેશે! 1986ની

નવી શિક્ષણનીતિએ શિક્ષણમાં ખાનગીકરણ અને વેપારીકરણનાં દ્વાર ખોલી આપ્યાં. નવી શિક્ષણનીતિ 2020 ગૌરવપૂર્ણ રીતે નોંધે છે કે આ નીતિનો ઉદ્દેશ 1986ની શિક્ષણનીતિના અધૂરા ઉદ્દેશોને પૂર્ણ કરવાનો છે. અલબત્ત, વિશ્વ વ્યાપાર સંગઠન હેઠળ થયેલા 'જનરલ એગ્રીમેન્ટ ઓન ટ્રેડ ઇન સર્વિસ' દ્વારા શિક્ષણ પણ વૈશ્વિક બજારમાં વેચી શકાય તેવી વસ્તુ બની અને શિક્ષણમાં પણ મુક્તબજારનો દોર શરૂ થયો.

### ❖ શિક્ષણની ગુણવત્તાનું ચિત્ર :-

શિક્ષણ માટે જરૂરી માળખાકીય સવલતોમાં નોધપાત્ર સુધારો છે પણ સત્તાવાર આંકડા દ્વારા રજૂ થતું ગુલાબી ચિત્ર વાસ્તવિકતા કરતાં થોડું છેટું છે.

શિક્ષણની ગુણવત્તાનું સ્તર ચિંતાજનક રીતે નીચું છે. એમાં કોઈ નોંધપાત્ર સુધારો થયેલો દેખાતો નથી. રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ 2001માં 69.14 ટકા હતું, તે વધીને 2011માં 78.03 ટકા થયું છે.

પણ અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતનો ક્રમાંક 16માંથી નીચો ઉતરીને 18 થયો છે. શાળામાં દાખલ થતાં બાળકોની સંખ્યા વધી છે, પણ 11 થી 14 વર્ષના 5 ટકા બાળકો હજુ પણ સ્કૂલ સુધી પહોંચતા જ નથી.

આ માટે બધાં રાજ્યોની તુલનામાં ગુજરાતનો ક્રમાંક છેક 22 છે. એનો અર્થ એ થયો કે દેશના ઘણાં રાજ્યોએ ગુજરાત કરતાં વધુ પ્રગતિ કરી છે. હાલ ગુજરાતની ધોરણ- 10 ની ટકાવારી 38.9 છે.

### ❖ “ભાર વિનાનું ભણતર” માત્ર કાગળ પર :-

બાળકનાં સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને અભ્યાસ ક્રમ ગોઠવતી, વર્ષે પચાસ હજાર થી લાખ રૂપિયા જેટલી ફી લેતી આંતર્રાષ્ટ્રીય બોર્ડ કે કેન્દ્રીય બોર્ડ સાથે જોડાણ ધરાવતી મોંઘી શાળાઓ સ્વભાવિક રીતે માત્ર મુઠ્ઠીભર ખમતીધર કુટુંબના બાળકો માટે જ છે જે સામાન્ય આવક ધરાવતા પરિવારોને પોસાતી નથી.

### ❖ શાળા ગુણવત્તા અને સ્થિતિ :-

જાન્યુઆરી 2017માં સરકારે જાહેર કર્યું કે, રાજ્યમાં હવે કોઈ ‘ડી’ ગ્રેડની સ્કૂલ નથી. એટલે કે રાજ્યની બધી શાળામાં ગુણવત્તાનું પ્રમાણ સુધર્યું છે. 'અસર'નો 2016નો રિપોર્ટ...

આ રિપોર્ટ પ્રમાણે સરકારી શાળામાં પાંચમાં ધોરણમાં ભણતા 47 ટકા અને આઠમા ધોરણમાં ભણતા 23.4 ટકા વિદ્યાર્થીઓ બીજા ધોરણની ગુજરાતીનું - પોતાની માતૃભાષાનું પુસ્તક વાંચી શકતાં નથી.

પાંચમાં ધોરણના 83.9 ટકા અને આઠમા ધોરણના 65.2 ટકા વિદ્યાર્થીઓ સાદા ભાગાકાર કરી શકતાં નથી. ભારતનાં 27 રાજ્યોમાં ગુજરાતનું સ્થાન અનુક્રમે 24મુ અને 19મુ છે.અત્રે નોધવું રહ્યું કે ગ્રામીણ વિસ્તારમાં માત્ર પ્રાથમિક શાળામાં 10.2 ટકા વિદ્યાર્થીઓ જ ખાનગી શાળામાં પ્રવેશ લીધો હતો.એટલે કે આ આંકડા 89.8 ટકા વિદ્યાર્થીઓનું ચિત્ર રજુ કરે છે. કેન્દ્ર સરકારનાં માનવ સંસાધન મંત્રાલયનાં 2016નાં રિપોર્ટ પ્રમાણે ગણિત અને અંગ્રેજીમાં વિદ્યાર્થીઓના દેખાવમાં ગુજરાતનો ક્રમાંક અનુક્રમે 21 અને 27 હતો.

❖ **તાલીમી શિક્ષકોની કમી** :-

શિક્ષણની ગુણવત્તા જાળવવામાં તાલીમબધ્ધ શિક્ષકોનું ખૂબ મહત્વ છે. કમનસીબે ગુજરાતની ઘણી શાળાઓમાં (સરકારી અનુદાન મેળવતી અને ખાનગી સહીત) પૂરતી સંખ્યામાં શિક્ષકો નથી.જે છે તે બધાં તાલીમ પામેલાં નથી. 2014-15માં પ્રાથમિક શાળામાં 12,281 શિક્ષકોની ખાધ હતી. અમદાવાદ જીલ્લામાં 11 ટકા અને કચ્છ જીલ્લમાં 24.70 ટકા શિક્ષકોની ખાધ હતી. 2015માં ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ વિજ્ઞાન અને ગણિતનાં 2,413 શિક્ષકો ઓછા હોવાનું નોંધાય છે.સરકારી શાળાઓમાં આશરે 30 ટકા જેટલો કાર્યભાર વિદ્યા-સહાયકો દ્વારા સંભાળવામાં આવે છે.

શિક્ષણની ગુણવત્તા જાળવવામાં તાલીમબધ્ધ શિક્ષકોનું ખૂબ મહત્વ છે. કમનસીબે ગુજરાતની ઘણી શાળાઓમાં (સરકારી અનુદાન મેળવતી અને ખાનગી સહીત) પૂરતી સંખ્યામાં શિક્ષકો નથી.

જે છે તે બધાં તાલીમ પામેલાં નથી. 2014-15માં પ્રાથમિક શાળામાં 12,281 શિક્ષકોની ખાધ હતી. અમદાવાદ જીલ્લામાં 11 ટકા અને કચ્છ જીલ્લમાં 24.70 ટકા શિક્ષકોની ખાધ હતી.2015માં ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ વિજ્ઞાન અને ગણિતનાં 2,413 શિક્ષકો ઓછા હોવાનું નોંધાય છે.સરકારી શાળાઓમાં આશરે 30 ટકા જેટલો કાર્યભાર વિદ્યા-સહાયકો દ્વારા સંભાળવામાં આવે છે.ખાનગી શાળામાં પ્રાથમિક શિક્ષણની વાર્ષિક ફી પાંચ હજાર રૂપિયાથી લઈને 1.5 લાખ રૂપિયા સુધીની છે.ઘણી ખાનગી સ્વનિર્ભર શાળાઓ પાસે પણ ગુણવત્તા સભર સુવિધાઓ નથી. યોગ્ય પ્રયોગશાળા, પુસ્તકાલય, મેદાન જેવી વ્યવસ્થાઓ અપૂરતી છે.શિક્ષકોનાં કૌશલ્યને સુધારવા માટે જરૂરી તાલીમ થતી નથી એટલે નવી શૈક્ષણિક પદ્ધતિઓ વિષે તેઓ ઝાઝું જાણતાં નથી હોતાં.બાળકના સર્વાંગી વિકાસને બદલે આખી વ્યવસ્થા પરીક્ષાલક્ષી બનીને રહી જાય છે. શાળાને કથળેલા ધોરણને ધ્યાનમાં રાખી વાલીઓને ટ્યુશનનો આધાર લેવો પડે છે.એમાં વાલીનો ખર્ચ બેવડાય છે અને બાળક પર અભ્યાસનું ભારણ. ખેલકૂદ અને અન્ય ઇતર પ્રવૃત્તિ માટે બાળક જરૂરી સમય ફાળવી શકતાં નથી.પરિણામે તેમનો વિકાસ સર્વાંગી બનવાને બદલે પરીક્ષાનું પરિણામ

સુધારવા પૂરતો મર્યાદિત થઈ જાય છે. "ભાર વિનાનું ભણતર" માત્ર દીવાલ પર લખેલું સૂત્ર બનીને રહી જાય છે.

### ❖એક પછી એક ખૂલતી ખાનગી શાળાઓ / કોલેજો :-

બી.એડ, આર્કિટેક્ચર, લૉ જેવા કોર્સમાં પણ ઘણી કોલેજો ખુલી ગઈ છે. તે કેટલા વિદ્યાર્થીઓને ટકાઉ અને ગૌરવવંતી નોકરી અપાવી શકશે એ આવનારો સમય જ કહેશે.રાજ્યનાં બજેટમાં શિક્ષણ માટેની નાણાંની જોગવાઈનું પ્રમાણ ઘણું ઓછું રહ્યું છે.1986માં કોઠારી કમિશને રાજ્ય સરકારોને તેમની ઘરેલું આવકના 6 ટકા શિક્ષણ માટે ફાળવવાની ભલામણ કરી હતી, જેની સામે ગુજરાતમાં સરેરાશ માત્ર 1.5 થી 2 ટકા જેટલું જ બજેટ ફાળવવામાં આવે છે.તેમાં પણ મુખ્યત્વે માળખાકીય સવલતો પર ધ્યાન અપાયું છે.,પણ ગુણવત્તા સુધારવા પૂરતાં શિક્ષકોને ભરતી, તેમની જરૂરી તાલીમ કે નવી શિક્ષણની પદ્ધતિઓ અપનાવવા પર જરૂરી ધ્યાન આપવાની તાતી જરૂર છે.જેનાથી આવનારી પેઢીમાં બજારના ઉતાર-ચઢાવનો સામનો કરવા યોગ્ય કૌશલ્ય ઘડાય તેમજ તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ગૌરવભેર ટકી શકે.

### ❖ઉપસંહાર :-

આમ આ બધા પ્રશ્નો કરવા માટે ભારત પાસે અતિ સમૃદ્ધ પ્રાચીન વર્ષો છે. ઉપરોક્ત દરેક પડકારોને પહોંચી વળવા માટેના પ્રયત્નો થવા જોઈએ. સમાજમાં માત્ર સફળતા જ મેળવવાની જે નીતિ છે તેને સાચો ખ્યાલ આપવાની ખાસ જરૂર છે. સ્વામી વિવેકાનંદજી કહે છે કે “ જે કેળવણી વડે ચારિત્ર્યનું નિર્માણ થાય , મનની શક્તિઓ વિકસે, બુદ્ધિની ક્ષિતિજો વિસ્તરે અને માણસ પોતાના પગ ઉપર ઊભો રહી શકે તેવી કેળવણીની આપણે જરૂર છે. તો જ ભારતમાં આ ક્ષેત્રની સમસ્યાઓ અને પડકારોનો સાચો ઉકેલ લાવી શકશું.

### ❖સંદર્ભ સૂચિ :-


- હરલોક, બી. અનુવાદ કાનાવાલ, એસ.સી. (1975) વિકાસલક્ષી મનોવિજ્ઞાન અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત.
- रुहेला, एसें.पी. (2014). शिक्षा केदर्शनिक एवं साजशास्त्रीय आधार. आगरा : अग्रवाल पब्लिकेशन,
- दुबे, एस.पी. (2014). पाठयकम का विकास. इलहाबाद : शारदा पुस्तकल प्रकाशन. રાવલ, ન. વિ. (2011), કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય અધારશીલાઓ, અમદાવાદ : નીરવ પ્રકાશન

Certificate No.:010212202325


## multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (on-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr. Mohanbhai A. Daki**

In recognition of the publication of the paper entitled

સમાજ ઘડતર માટે શિક્ષણ સામેના પડકારો

Published in Volume 01, Issue 02, December 2023.

**EDITOR IN CHIEF**